જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૭/૨/૨૦૧૫ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૨૬૫/૧૫**

**ભુજ જતી બસમાં બેઠેલ આંગડીયાપેઢીના કર્મચારી પાસેથી નજર ચુકવી ચીલઝડપ કરી મેળવેલ ચાંદીના ચોરસા તથા કાંડા ઘડીયાળ સાથે આરોપીને ઝડ્પી કરતી ક્રાઇમ બ્રાન્ચ,**

ગઇ તા.૨૯.૫.૧૩ ના રોજ રાત્રીના સુમારે એચ.પ્રવિણકુમાર એન્ડ કાું.નામની આંગડીયા પેઢીના કર્મચારી પાર્સલો લઇ અમદાવાદથી બસમાં બેસી ભુજ જવા રવાના થયેલ.અને વહેલી સવારે ભુજ ખાતે સદર આંગડીયા કર્મચારી ઉતરેલ ત્યારે મુસાફરી દરમ્યાન રસ્તામાં કોઇએ સદર આંગડીયા કર્મચારીના થેલાની ચેઇન ખોલી તે થેલામાંથી પાર્સલો કાઢી લેવા બાબતેનો ગુનો ભુજ તાલુકા પો.સ્ટે.ખાતે ફ.ગુરનં.૧૬૫/૧૩ થી દાખલ થયેલ હતો.

આ અંગે તાજેતરમાં આંગડીયા લુંટો સબંધે સં.પો.કમિ., ક્રાઇમ શ્રી એ.કે.શર્મા સા.ની સુચનાથી ડી.સી.પી.શ્રી હિમાંશુ શુક્લા સા.નાઓએ આવા ગુન્હાઓ શોધી કાઢવા સુચના આપતા ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેરના તમામ અધિ.તથા માણસોએ અલગ અલગ ટીમો બનાવેલ અને રાજ્ય વ્યાપી ઝુંબેશ શુરુ કરવામાં આવેલ.અને બનેલ ગુન્હાઓ શોધી કાઢવા કમર કસેલ.

આ દરમ્યાન પો.ઇન્સ.શ્રી એસ.એલ.ચૌધરી, તથા તેમની ટીમના પો.સ.ઇ.શ્રી ડી.એસ.ગોહિલ, પો.સ.ઇ.શ્રી સી.બી.ચૌધરી, પો.સ.ઇ.શ્રી જે.પી.રોજીયા, તથા તેમની ટીમના માણસોએ પેટ્રોલીંગમાં હતા દરમ્યાન પો.કો.વિક્રમસીંહ જીલુજી ને બાતમી હકિકત મળેલ કે, ખાનગી લકઝરીબસમાં ભુજ જતા આંગડીયા પેઢીના કર્મચારીના થેલામાંથી પાર્સલો કાઢી લેનાર આરોપી પોતાના ભાગમાં આવેલ સોના ચાંદીના દાગીના વેચવા સારું આવવાનો છે.જે હકિકત આધારે વોચ રાખતા દરમ્યાન આરોપી ધમેન્દ્ર ઉર્ફે બનુ s/o ભગવાનદાસ ભવાનીપ્રસાદ ગુપ્તા ઉવ.૩૦ રહે.ભોગીલાલની ચાલી, પાટીયાપુરા, કેન્સર હોસ્પીટલ સામે, અસારવા, અમદાવાદ નાનો કુલ્લે બે કિલો વજનના ચાંદીના ચોરસા નંગ ૪ કિં.રુ.૭૫,૮૬૦.૦૦ તથા કાંડા ઘડીયાળ નંગ ૩ કિં.રુ.૧૫૦૦.૦૦ તથા મો.ફોન નંગ ૨ કિં.રુ.૧૦૦૦.૦૦ કુલ્લે કિં.રુ.૭૮,૩૬૦.૦૦ નો મુદ્દામાલ મળી આવતા પકડી પાડેલ છે.

સદરી આરોપીની પુછપરછ દરમ્યાન તેણે પોતાના સાગરીતો શૈલેષસીંહ ઉર્ફે લાલો દરબાર રહે.અસારવા, તેમજ ગીતાબેન તથા મુન્નાભાઇ નામના માણસો સાથે મળી ઉપરોક્ત ગુનો કરેલાનો એકરાર કરતા સદરી ઇસમને આજરોજ તા.૬.૨.૨૦૧૫ ના કલાક ૧૫.૩૦ વાગે પકડી અટક કરેલ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.